શો બાજ

# કરણ કુન્દ્રા તેજસ્વીનું ‘પેરેન્ટિંગ’ કરી રહ્યો છે?

ટેલિવિઝનનો હેન્ડસમ હંક, ‘બિગ બોસ’ ફેમ અને લાખો ફેન્સના દિલની ધડકન કરણ કુન્દ્રા હંમેશાં કોઈને કોઈ કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ કરણ સાથે તેની પ્રોફેશનલ લાઈફ, બદલાતી ઈન્ડસ્ટ્રી અને પર્સનલ લાઈફ વગેરે વિશે વધુ જાણીએ...



**નેટફ્લિક્સ પર નવો રિયાલિટી શો ‘દેસી બ્લિંગ’ રીલીઝ થયો છે અને તે ટોપ ટ્રેન્ડિંગમાં છે. આમાં નવું શું છે?**

હા યાર! ‘દેસી બ્લિંગ’ને જે રીતનો રિસ્પોન્સ મળી રહ્યો છે તેનાથી અમે ખુબ ખુશ છીએ. આ શો દુબઈના અતિ-અમીર ભારતીય સમુદાયની લાઈફસ્ટાઈલ પર આધારિત છે. ‘દુબઈ બ્લિંગ’નો આ દેસી સ્પિન-ઓફ છે. આમાં ડ્રામા છે, ગ્લેમર છે, મોંઘી કાર અને લક્ઝરી લાઈફ છે. દર્શકોને અમારો એક તદ્દન અલગ અંદાજ અને હાઈ-સોસાયટીના ક્રેઝી ટ્વિસ્ટ જોવા મળી રહ્યા છે.

**તેજસ્વી વિશે કહ્યું કે તું તેજસ્વીનું ‘પેરેન્ટિંગ’ કરી રહ્યો છે અને તેનાથી સ્ટ્રેસમાં છે, આ શું કિસ્સો છે?**

(હસતા હસતા માથું ખંજવાળતા) અરે, તમે તો બહુ બારીકાઈથી શો જોયો છે! જુઓ, તેજુ સ્વભાવે થોડી કેરલેસ છે. જો તે સાંજે 4 વાગ્યે ફ્લાઈટમાંથી ઉતરવાની હોય, તો એરપોર્ટ પર પિક-અપ કોણ કરશે એ બધું તે મારા પર છોડી દે છે. હું ઘણીવાર તેનો બોયફ્રેન્ડ ઓછો અને મેનેજર વધુ હોઉં તેવું લાગે છે! મારા માતા-પિતાએ પણ મને એકવાર મજાકમાં કહ્યું હતું કે, “કરણ, તું હંમેશાં તેની આસપાસ રહીને બધું સંભાળે છે, ભવિષ્યમાં જ્યારે બાળકો આવશે ત્યારે તારી જવાબદારી ડબલ થઈ જશે!” બસ એ જ વાત મેં શોમાં મિત્રો સાથે શેર કરી હતી, જે ફેન્સને બહુ મજેદાર લાગી.

**‘દેસી બ્લિંગ’ ના પ્રોમોઝમાં તમારા બંને વચ્ચે જોરદાર ઝઘડા જોવા મળ્યા તે શું એક્ટિંગ હતી કે રિયલ ?**

(ખડખડાટ હસતા) અમારો સંબંધ એવો છે કે જ્યાં પ્રેમ છે ત્યાં થોડી નોક-ઝોક પણ હોય જ. શોમાં મેં તેને ઓફિશિયલી પ્રપોઝ કર્યું એ વાત સાચી અને અમારા ૪ વર્ષના સંબંધનો એ બહુ સુંદર વળાંક હતો. તેજુએ પણ તાજેતરમાં જ સ્પષ્ટ કર્યું છે કે હાલમાં અમે બંને લીવ-ઈનમાં છીએ અને અમારો બોન્ડ બહુ સ્મૂથ ચાલી રહ્યો છે. ઉતાવળમાં લગ્ન કરવા કરતાં અમે અત્યારે એકબીજા સાથે ક્વોલિટી ટાઈમ એન્જોય કરી રહ્યા છીએ.

**મુંબઈના નવા ઘરનો હોમ-ટુર વીડિયો વાયરલ થયો છે. ઘર કોણે ડિઝાઈન કર્યું છે?**

હા, બાંદ્રા-વરલી સી-લિંકના વ્યુ વાળું આ ઘર મારા હૃદયની બહુ નજીક છે. ઘરની મોટાભાગની ડિઝાઈન મેં જ કરી છે. એટલે જ તેજુ હંમેશાં ફરિયાદ કરે છે કે મેં ઘરમાં મારા કપડાં અને શૂઝ માટે વધુ જગ્યા રાખી છે અને તેને માત્ર એક નાનો ખૂણો આપ્યો છે! પણ સાચું કહું તો, એ ઘરનો જે બાલ્કની એરિયા છે અને જે પેડલ પૂલ છે, તે તેજુની ફેવરિટ જગ્યા છે જ્યાં તે રોજ સવારની ચા માણે છે.

**‘દેસી બ્લિંગ’ની સફળતા પછી હવે કોઈ નવો પ્રોજેક્ટ?**

‘દેસી બ્લિંગ’ પછી મારી પાસે OTT પ્લેટફોર્મ્સ પરથી કેટલીક મોટી સ્ક્રિપ્ટ્સ આવી છે. હાલમાં હું એક ફિક્શન ક્રાઈમ-થ્રિલર વેબ સીરીઝ સાઈન કરવા જઈ રહ્યો છું, જેમાં મારો રોલ અત્યાર સુધીના રોમેન્ટિક કે ચોકલેટી બોયના ઈમેજથી સાવ અલગ, એકદમ ડાર્ક અને કડક હશે. આ સિવાય બોલિવૂડની એક મોટી ફિલ્મ માટે પણ વાટાઘાટો ચાલી રહી છે, જેની સત્તાવાર જાહેરાત હું ખૂબ જ જલ્દી કરીશ. બસ, ફેન્સ પોતાનો આ જ રીતનો પ્રેમ જાળવી રાખે!

**ટીવી, રિયાલિટી શો, OTT અને ફિલ્મો, દરેક કામ કર્યું તો ત્યારે કેવું લાગે છે?**

(સ્મિત સાથે) સાચું કહું તો, આ એક શાનદાર અને રોલર-કોસ્ટર રાઈડ જેવી સફર રહી છે. જ્યારે મેં ‘કિતની મહોબ્બત હૈ’ થી શરૂઆત કરી હતી, ત્યારે મેં વિચાર્યું નહોતું કે મને આટલો બધો પ્રેમ મળશે. આજે માધ્યમો બદલાયા છે. પહેલાં માત્ર ટીવી મોટું માધ્યમ હતું, આજે OTT એ આખી ગેમ બદલી નાખી છે. મને ખુશી છે કે હું સમય સાથે બદલાતો રહ્યો અને મેં મારી જાતને કોઈ એક ચોકઠામાં કેદ ન થવા દીધી.

**OTTના આવવાથી કલાકારો માટે કેટલી તકો વધી છે?**

ઘણી બધી! OTTએ કલાકારો અને લેખકોને એક નવી આઝાદી આપી છે. ટીવી પર ઘણીવાર આપણે એક જ પ્રકારના પાત્રમાં વર્ષો સુધી બંધાઈ જઈએ છીએ, પણ OTT પર તમને વિવિધતા મળે છે. તમે ક્રાઈમ થ્રિલર પણ કરી શકો અને રોમેન્ટિક ડ્રામા પણ. દર્શકો પણ હવે ઘણું મેચ્યોર કન્ટેન્ટ પસંદ કરી રહ્યા છે, જે એક એક્ટર તરીકે અમારા માટે બહુ પ્રોત્સાહક બાબત છે.

**રિયાલિટી શો: વરદાન કે પડકાર?**

રિયાલિટી શોઝે મને દર્શકોની વધુ નજીક લાવ્યો છે. ડેઈલી સોપમાં લોકો તમને એક પાત્ર તરીકે ઓળખે છે, પણ રિયાલિટી શોમાં લોકો અસલી ‘કરણ’ ને ઓળખે છે. ‘બિગ બોસ’ મારા માટે લાઈફ ચેન્જિંગ હતો. ત્યાં તમને માનસિક રીતે ખૂબ મજબૂત થવાની તક મળે છે. હા, ત્યાં ચોવીસ કલાક કેમેરાની સામે રહેવું માનસિક રીતે થકવી નાખે તેવું હતું, પણ જે પ્રેમ અને ‘કિંગ’નું ટેગ મને ફેન્સ પાસેથી મળ્યું, તેના માટે હું હંમેશાં આભારી રહીશ.“રિયાલિટી શો તમને માનસિક રીતે કાં તો તોડી નાખે છે અથવા તો તમને એકદમ મજબૂત બનાવી દે છે. મને ખુશી છે કે ફેન્સે મારી અસલી પર્સનાલિટીને સ્વીકારી અને પ્રેમ આપ્યો.”

**મીડિયાના કેમેરા અને ટ્રોલિંગને તમે બંને કેવી રીતે હેન્ડલ કરે છો?**

(હસતાં હસતાં) જ્યારે તમે પબ્લિક ફિગર હોવ, ત્યારે તમારી લાઈફ પણ પબ્લિક બની જ જાય છે. તેજસ્વી અને હું આ વાત બહુ સારી રીતે સમજીએ છીએ. શરૂઆતમાં ક્યારેક અજીબ લાગતું, પણ હવે અમે આ અટેન્શનની આદત પડી ગઈ છે. ટ્રોલિંગ વિશે કહું તો, અમે નેગેટિવિટી પર ધ્યાન જ નથી આપતા. અમારી વચ્ચે જે છે તે બહુ ઓર્ગેનિક અને રિયલ છે. અમે એકબીજાના કામને માન આપીએ છીએ અને સપોર્ટ કરીએ છીએ, બસ એ જ મહત્વનું છે.

**ફિટ અને યંગ દેખાવા માટે ફિટનેસ મંત્ર શું છે?**

કોઈ શોર્ટકટ નથી હોતો. હું નિયમિત વર્કઆઉટ કરું છું અને ડાયટ પર ખાસ ધ્યાન આપું છું. પણ મારા મતે શારીરિક ફિટનેસ કરતાં માનસિક શાંતિ વધારે જરૂરી છે. આ ઈન્ડસ્ટ્રીમાં ઘણું સ્ટ્રેસ હોય છે, તેથી હું મેડિટેશન કરું છું અને સકારાત્મક લોકોની વચ્ચે રહું છું. ખુશ રહેવું એ જ સૌથી મોટો ફિટનેસ મંત્ર છે.

**ચાહકો, જે તને ‘તેહરાન’ કે ‘કિંગ કુન્દ્રા’ તરીકે ઓળખે છે, તેમને શું કહેવા માંગશો?**

હું આજે જે કંઈ પણ છું, તે મારા ફેન્સના કારણે જ છું. તેઓ મારી તાકાત છે. જ્યારે પણ હું નિરાશ થાઉં છું, ત્યારે સોશિયલ મીડિયા પર તેમનો પ્રેમ જોઈને મને ફરીથી કામ કરવાનો ઉત્સાહ મળે છે. બસ, આ જ રીતે તમારો પ્રેમ અને સપોર્ટ આપતા રહો. હું હંમેશાં તમને એન્ટરટેઈન કરવા માટે સખત મહેનત કરતો રહીશ. ●

**તેજુ સ્વભાવે થોડી કેરલેસ છે. જો તે સાંજે 4 વાગ્યે ફ્લાઈટમાંથી ઉતરવાની હોય, તો એરપોર્ટ પર પિક-અપ કોણ કરશે એ બધું તે મારા પર છોડી દે છે. હું ઘણીવાર તેનો બોયફ્રેન્ડ ઓછો અને મેનેજર વધુ હોઉં તેવું લાગે છે!**

**હાલમાં હું એક ફિક્શન ક્રાઈમ-થ્રિલર વેબ સીરીઝ સાઈન કરવા જઈ રહ્યો છું, જેમાં મારો રોલ અત્યાર સુધીના રોમેન્ટિક કે ચોકલેટી બોયના ઈમેજથી સાવ અલગ, એકદમ ડાર્ક અને કડક હશે**

# સ્કૂલ ફ્રેન્ડ્સ | Gen-Z માટે નોન-સ્ટોપ એન્ટરટેઈન્મેન્ટ પેકેજ

ફ્રી વોચ

યાદ કરો એ સ્કૂલના દિવસો.. જ્યારે સવારના પહેલા બેલમાં ઊંઘ આવતી હતી, રિસેસના બેલ પર દુનિયાનો સૌથી મોટો આનંદ મળતો હતો, અને લાસ્ટ બેન્ચ પર બેસીને આખી દુનિયા પંચાત થતી હતી! સ્કૂલ લાઈફ એક એવો સમય છે જે દરેકના દિલની ખૂબ નજીક હોય છે. આ જ નોસ્ટાલ્જીયા, દોસ્તી, પ્રેમ અને બોર્ડ એક્ઝામના પ્રેશરને એક મજેદાર અંદાજમાં સ્ક્રીન પર લાવતી વેબ સીરિઝ એટલે ‘સ્કૂલ ફ્રેન્ડ્સ - ક્લાસ ઓફ ૨૦૨૬’. જો તમે તમારી સ્કૂલ લાઈફને મિસ કરી રહ્યા હોવ, અથવા તો અત્યારે જ સ્કૂલમાં હોવ, આ સીરિઝ તમારા માટે એક કમ્પ્લીટ એન્ટરટેઈનમેન્ટ પેકેજ છે. ચાલો જાણીએ કે આ સીરિઝમાં એવું તો શું ખાસ છે જે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યું છે!



૨૦૨૬ની બેચના પાંચ ખાસ મિત્રોની આસપાસ. આ એવા મિત્રોની ટોળકી છે જેમને ભણવા કરતાં એ વાતમાં વધારે રસ છે કે કેન્ટીનમાં નવો સમોસો કેટલાનો થયો અને ક્રશ આજે ક્યા કલરની હેરપિન નાખીને આવી છે! અનીશ (આદિત્ય ગુપ્તા) રોલમાં એવો છોકરો જે સ્તુતિના પ્રેમમાં પાગલ છે. ગ્રુપનો એવો લીડર જેને દુનિયાભરના જુગાડ ખબર છે, બસ મેથ્સના ફોર્મ્યુલા સિવાય.

સ્તુતિ(નવિકા કોટિયા) સ્તુતિ ક્લાસની હેડ ગર્લ બનવા માંગે છે અને ભણવામાં હોશિયાર છે. રમણ (માનવ સોનેજી) આ સીરિઝનો અસલી કોમેડી કિંગ જે હંમેશાં ખાવા પીવાના અને ક્લાસ બંક કરવાના આઈડિયા આપે છે. ટિપિકલ બેકબેન્ચર, જેનું ધ્યાન હંમેશાં લંચ બોક્સ ખાલી કરવામાં જ હોય છે. કાવ્યા(અલીશા પરવીન) સોશિયલ મીડિયા ક્વીન, જે સ્કૂલના યુનિફોર્મમાં પણ કેવી રીતે રીલ બનાવી શકાય તેના આઈડિયા શોધતી હોય છે.

આ સીરિઝ જોતી વખતે તમને તમારા પોતાના ફ્રેન્ડ સર્કલની યાદ આવ્યા વગર નહીં રહે. ‘સ્કૂલ ફ્રેન્ડ્સ - ક્લાસ ઓફ ૨૦૨૬’ ના ડાયલોગ્સ એકદમ નેચરલ અને આજની જનરેશન (Gen-Z) કનેક્ટ કરી શકે તેવા છે. ‘ભાઈ, પ્રોક્સી મારી દેજે ને!’ થી લઈને ‘કાલથી પાકું વાંચવા બેસવું છે’ જેવા વાક્યો સાંભળીને તમને લાગશે કે આ તો આપણા જ ક્લાસરૂમનું સીન ચાલી રહ્યું છે.

લવ ટ્રીકોણ અને ક્રશ વાળી ફીલિંગસ્કૂલમાં પેલો એકતરફી પ્રેમ અને ક્રશને જોવા માટે પીરિયડ્સ બંક કરવાની જે મજા હતી, તે આ સીરિઝમાં ખૂબ જ ક્યૂટ રીતે બતાવવામાં આવી છે. અનીશ અને દિશા વચ્ચેની એ ખાટી-મીઠી કેમિસ્ટ્રી અને નાની-નાની અંડરસ્ટેન્ડિંગ આખી સીરિઝને લાઈટ-હાર્ટેડ રાખે છે. ટીચર્સના કૂલ અને કડક પાત્રોસ્કૂલ સીરિઝ હોય અને ટીચર્સની મજાક ન હોય એવું બને? સીરિઝમાં પીટી ટીચરનો ડર, પ્રોક્સી ક્લાસ લેવા આવતા મેથ્સના કંટાળાજનક સાહેબ, અને અંગ્રેજીના એ મેડમ જે હંમેશાં ક્લાસમાં શાંતિ રાખવાનું જ કહેતા હોય - આ બધા પાત્રો સ્કૂલની યાદોને એકદમ તાજી કરી દે છે.

યુથ વાઈબ્સ! સીરિઝનું મ્યુઝિક અને બેકગ્રાઉન્ડ સ્કોર એટલો કૂલ છે કે તમને પણ ક્લાસની બેન્ચ વગાડવાનું મન થઈ જશે. સીરિઝનું ટાઈટલ ટ્રેક ઘણું કેચી છે. વિઝ્યુઅલ્સની વાત કરીએ તો, સ્કૂલની કોરિડોર, ક્લાસરૂમનું બોર્ડ, અને પેલા ચાલુ ચાલુ ક્લાસે પાછળથી પાસ થતી ચિઠ્ઠીઓ - ડિરેક્ટરે ઝીણી-ઝીણી વિગતો પર જોરદાર કામ કર્યું છે. આજના સમયની ‘મિશ્રિત’ લાઈફસ્ટાઈલઆ ક્લાસ ઓફ ૨૦૨૬ છે, એટલે ડિજિટલ જમાનાનો તડકો તો હોવાનો જ! ક્લાસમાં ચોરી કરવા માટે હાઈટેક આઈડિયાઝ, વોટ્સએપ ગ્રુપ્સમાં થતી ટીચર્સની વાતો, અને ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મૂકવા માટેના ફાંફા - આ બધું જ આ સીરિઝને આજની જનરેશન માટે એકદમ રિલેટેબલ બનાવે છે. મસ્ટ વોચ! પાસુંકેમ જોવી? કોમેડી નોન-સ્ટોપ વન-લાઈનર્સ અને રમૂજી સીન્સ. દોસ્તી પાંચેય મિત્રોનું બોન્ડિંગ જોઈને જૂના મિત્રોને ફોન કરવાનું મન થશે. નોસ્ટાલ્જીયા સ્કૂલની બેન્ચ, ચાક અને ડસ્ટરની યાદો તાજી થશે. પ્રોડક્શન હાઉસમાં આ મજેદાર સીરિઝ Rusk Studios દ્વારા બનાવવામાં આવી છે, જે યુવાનો માટે કૂલ કન્ટેન્ટ બનાવવા માટે જાણીતા છે. આ સીરિઝના ડિરેક્ટર સાહિલ વર્મા એ કર્યું છે. તેમણે સ્કૂલની લાઈફને એટલી નેચરલ રીતે પડદા પર ઉતારી છે કે ક્યાંય પણ ઓવર-એક્ટિંગ જેવું નથી લાગતું. આ સીરિઝ તમે Amazon MX Player પર એકદમ ફ્રીમાં જોઈ શકો છો. લોકોને આ સીરિઝ ખૂબ જ પસંદ આવી છે, જેના કારણે તેને શાનદાર રેટિંગ્સ મળ્યા છે:

**Rating: 7.1 / 10** - ટૂંકમાં કહીએ તો, ‘સ્કૂલ ફ્રેન્ડ્સ - ક્લાસ ઓફ ૨૦૨૬’ એ માત્ર એક વેબ સીરિઝ નથી, પણ આપણી જિંદગીના સૌથી સુંદર દિવસોની સફર છે. જો વીકેન્ડમાં કંઈક એવું જોવું હોય જે મગજને આરામ આપે અને મોઢા પર હાસ્ય લાવી દે, તો પોપકોર્નનું ટબ લઈને તમારા જૂના સ્કૂલના ગ્રુપ સાથે આ સીરિઝ જોવાનું ઓનલાઈન ગોઠવી જ નાખો!કારણ કે સ્કૂલ ભલે છૂટી જાય, પણ એ ‘લાસ્ટ બેન્ચ’ ની યાદો ક્યારેય છૂટતી નથી! ●

**ટીચર્સના કૂલ અને કડક પાત્રોસ્કૂલ સીરિઝ હોય અને ટીચર્સની મજાક ન હોય એવું બને? સીરિઝમાં પીટી ટીચરનો ડર, પ્રોક્સી ક્લાસ લેવા આવતા મેથ્સના કંટાળાજનક સાહેબ, અને અંગ્રેજીના એ મેડમ જે હંમેશાં ક્લાસમાં શાંતિ રાખવાનું જ કહેતા હોય - આ બધા પાત્રો સ્કૂલની યાદોને એકદમ તાજી કરી દે છે**

# ‘ગુલ્લક સિઝન 5’ લાવશે ખુશીઓનો ઓવરડોઝ!

અપકમિંગ

જ્યારે પણ OTT પ્લેટફોર્મ પર કોઈ નવી વેબ સિરીઝ રિલીઝ થાય છે, ત્યારે સામાન્ય રીતે થ્રિલર, ક્રાઈમ, ગાળો અથવા ડાર્ક કન્ટેન્ટની ભરમાર જોવા મળે છે. પરંતુ આ બધા જ ઘોંઘાટની વચ્ચે, એક અવાજ એવો આવે છે જે એકદમ શાંત, મધુર અને આપણો પોતાનો લાગે છે–એ અવાજ છે સોની લિવની સુપરહિટ અને અત્યંત લોકપ્રિય સિરીઝ ‘ગુલ્લક’નો.

અત્યાર સુધીની ચાર અદ્ભુત સીઝન્સમાં મિશ્રા પરિવારે આપણને રડાવ્યા, હસાવ્યા અને જીવન જીવવાનો અસલી મંત્ર શીખવ્યો. હવે જ્યારે ‘ગુલ્લક સીઝન 5’ ની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે, ત્યારે ચાહકોમાં એ જાણવાની ઉત્સુકતા છે કે આ વખતે આ માટીના ગુલ્લકમાંથી કઈ નવી યાદો અને કિસ્સાઓ બહાર આવવાના છે. ચાલો, વિગતવાર સમજીએ કે આ નવી સીઝનમાં શું ખાસ હોઈ શકે છે અને કેમ આ સિરીઝ દરેક ભારતીયના દિલની ધડકન છે. રીત

‘ગુલ્લક’ની વાત આવે એટલે તેના યાદગાર પાત્રોના સિમ્પલિસિટી રાઈટિંગ અને એક્ટરોની જોરદાર એક્ટિંગ છે. આ કોઈ કાલ્પનિક દુનિયાના સુપરહીરો નથી, પણ આપણા જ ઘરના કે પાડોશના માણસો છે.




સંતોષ મિશ્રા (જમીલ ખાન): વીજળી વિભાગના એક સામાન્ય કર્મચારી. તે એવા પિતાનું પ્રતિનિધિત્વ કરે છે જે આખી જિંદગી ફાટેલા અંડરવેર અને સ્કૂટરની ખરાબ કિક સાથે વિતાવી દે છે, પણ પોતાના બાળકોના ભવિષ્ય માટે ક્યારેય ઈમાનદારીનો માર્ગ છોડતા નથી.

શાંતિ મિશ્રા (ગીતાંજલિ કુલકર્ણી): ઘરની અસલી સુકાની અને સવારથી સાંજ સુધી હાય-વોય કરતી મધ્યમવર્ગીય માતા. તેમનો અવાજ ભલે ઊંચો હોય, પણ તેમના હાથની રસોઈ અને દીકરાઓ પ્રત્યેનો પ્રેમ અજોડ છે.

અન્નુ મિશ્રા (વૈભવ રાજ ગુપ્તા): મોટો દીકરો, જે કરિયરની નિષ્ફળતાઓમાંથી શીખીને હવે ધીમે ધીમે સમજદાર બની રહ્યો છે. તે પિતાનો ટેકો બનવાનો પ્રયત્ન કરે છે.

જ્યારે આ ચારેય જણા નોર્થ ઈન્ડિયાના એક નાના અમથા મકાનમાં ભેગા થાય છે, ત્યારે ડ્રોઈંગ રૂમમાં બેસીને સિરીઝ જોતો આખો પરિવાર પોતાના દિવસો યાદ કરવા લાગે છે.

ચોથી સીઝનના અંત સુધીમાં આપણે જોયું કે અમન હવે પુખ્ત વયનો થઈ રહ્યો છે અને અન્નુ પોતાની પ્રોફેશનલ લાઈફમાં સ્થિર થવાનો પ્રયાસ કરે છે. ‘ગુલ્લક સીઝન 5’ માં સ્ટોરી વધુ એન્ટરટેનિંગ બને તેવી પૂરી શક્યતા છે.

મિડલ ક્લાસ ઘરમાં દીકરો કમાતો થાય એટલે સૌથી પહેલી ચર્ચા ‘છોકરાના લગ્ન’ની થાય છે. સીઝન 5 માં અન્નુ માટે કન્યા શોધવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. છોકરીવાળાના સ્વાગતથી લઈને શાંતિ મિશ્રાની અપેક્ષાઓ અને સંતોષ મિશ્રાના મર્યાદિત બજેટ વચ્ચે જે ખેંચતાણ થશે, તે જોવાની ભારે મજા પડશે.

અમન હવે સ્કૂલ લાઈફ છોડીને કોલેજના વાતાવરણમાં સેટ થઈ રહ્યો છે. આ સીઝનમાં તેના જીવનમાં કોઈ ખાસ પાત્ર (ગર્લફ્રેન્ડ) નો પ્રવેશ થઈ શકે છે. જ્યારે આ વાત મિશ્રા પરિવારમાં ખબર પડશે, ત્યારે જે હંગામો મચશે તે વધુ એન્ટરટેનિંગ સાબિત થશે.

આજકાલના ડિજિટલ યુગ, UPI પેમેન્ટ્સ અને સોશિયલ મીડિયાના જમાનામાં સંતોષ મિશ્રા અને શાંતિ મિશ્રા કેવી રીતે એડજસ્ટ થાય છે, તેની ખાટી-મીઠી વાતો પણ આ સીઝનનો મુખ્ય હિસ્સો હોઈ શકે છે.

સિરીઝના સુત્રધાર એટલે કે ‘ગુલ્લકનો અવાજ’ (શિવાંકિત સિંહ પરિહાર) ના સંવાદો એટલા હૃદયસ્પર્શી હોય છે કે તે સીધા આત્માને સ્પર્શી જાય છે. તે આપણને શીખવે છે કે ખુશીઓ મોટી ગાડીઓ કે બંગલામાં નથી હોતી, પણ રાત્રે સાથે બેસીને ખાધેલી ખીચડી અને એકબીજાની ટાંટિયાખેંચમાં હોય છે. ‘કિસે પતા થા કી મિટ્ટી કા એક છોટા સા ગુલ્લક, હમારે મધ્યમવર્ગીય સપનોં ઔર ઉમ્મીદોં કી સબસે બડી તિજોરી બન જાયેગા!’‘ગુલ્લક સીઝન 5’ ની આતુરતાથી રાહ જોવાઈ રહી છે કારણ કે તે માત્ર મનોરંજન નથી આપતી, પણ દર્શકો માટે એક ‘સ્ટ્રેસ બસ્ટર’ અથવા થેરાપી જેવું કામ કરે છે. તે આપણને આપણા પોતાના પરિવારને ગળે લગાવવાની પ્રેરણા આપે છે. જ્યારે પણ આ સીઝન 5 જૂન શુક્રવારે સોની લિવ પર આવવાની છે, ત્યારે ફરી એકવાર દરેક ઘરમાં હાસ્ય અને લાગણીઓનું પૂર આવશે એ નક્કી છે.ત્યાં સુધી, તમે તમારી વ્યસ્ત જિંદગીમાંથી થોડો સમય કાઢીને જૂની સીઝન્સ ફરીથી જોઈ શકો છો અને તમારા ઘરના વાસ્તવિક ‘ગુલ્લક’ માં પ્રેમની થોડી વધુ બચત કરી શકો છો! ●

**આજની મોર્ડન લાઈફસ્ટાઈલમાં આપણે ફ્લેટ્સ અને આઈસોલેશનમાં જીવતા થઈ ગયા છીએ. એવામાં ‘ગુલ્લક’ આપણને આપણા મૂળિયાં તરફ પાછા ખેંચી જાય છે. આ સિરીઝમાં કોઈ વિલન નથી. અસલી વિલન છે–મહિનાની આખરી તારીખો, મોંઘવારી, ઘરનું ધાબું ટપકવું અને મર્યાદિત આવક.**

